ગાંધીનગર સમાચાર
તા. ૯-૧૦-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### મહારાષ્ટ્રનું મહાભારત

નરેન્દ્ર મોદી ચારે તરફથી ઘેરાઈ ગયા છે. જાપાનથી અમેરિકા સુધી 'ડંકો' વગાડીને પરત ફરેલા વડાપ્રધાને એમના સ્વભાવ પ્રમાણે હરિયાણા અને મહારાષ્ટ્ર - બેઉ રાજયોની વિધાનસભાની ચૂંટણી એકલે હાથે અને પોતાના જ નામ પર લડી લેવાનો નિરધાર કર્યા પછી જે સંજોગો સરજાય છે તે ઘણા વિચિત્ર છે. કયારેક એનડીએના પાર્ટનર રહેલા ઈન્ડિયન નેશનલ લોકદલના નેતા ઓમપ્રકાશ ચૌટાલા શિક્ષણક્ષેત્રે આચરેલ કૌભાંડ બદલ સજા ભોગવી રહ્યા છે. તબિયતના બહાને પેરોલ પર છૂટેલા ચૌટાલા અદાલતના ફરમાનની ઐસીતૈસી કરી રેલીઓ સંબોધી રહ્યા છે, લોકસભાની ચૂંટણી વખતે એમણે મોદીનું સમર્થન કરેલું, પણ મોદી એમની કલંકિત કારકિર્દી જોઈ વિધાનસભાની ચૂંટણીમાં એમની સાથે સ્નાનસૂચકનો વ્યવહાર રાખવા તૈયાર નથી. જાટ લોબી પર મજબૂત પકડ ધરાવતા ચૌટાલા એમના પિતા ચૌધરી દેવીલાલની દુહાઈ દઈ હરિયાણાના મુખ્યમંત્રી બનવાનાં સપનાં જોઈ રહ્યા છે. હરિયાણામાં ભાજપ કયારેય સત્તા પર આવેલ નથી, પરંતુ ગત લોકસભામાં ભાજપને અણધાર્યું સમર્થન મળ્યું હોઈ મોદી હરિયાણાનો જંગ જીતવાનાં સપના જરૂર જોઈ રહ્યાં છે. બીજી તરફ મહારાષ્ટ્રના કોંગ્રેસી-એનસીપી અને શિવસેનાના ગઢમાં પણ મોદી ભાજપનો ભગવો ફરકાવી કોંગ્રેસ સહિત (પ્રાદેશિક પાર્ટીઓનો ખાત્મો બોલાવવા કૃતસંકલ્પ છે. એમને સૌથી વધુ ડર શિવસેના અને મનસે દ્વારા થનાર મતવિભાજનનો છે. શિવસેના સાથેનું પચ્ચીસ વરસ જૂનું ગઠબંધન તોડવા પાછળ પર એમની એકાધિકારવૃત્તિ જ જવાબદાર છે. મહારાષ્ટ્ર જેવા કોંગ્રેસના ગઢમાં ભાજપે કયારેક શિવસેનાની આંગળી પકડીને પગપેસરો કર્યો હતો. મરાઠા માણૂસની સહાનુભૂતિ અને નક્કર વોટબેંક અંકે કરનાર બાળાસાહેબ ઠાકરેની વિદાય પછી મરાઠા વોંટબેંક પર શિવસેનાનો કબજો અકબંધ રહ્યો છે. બીજી તરફ શરદ પવારને પણ મહારાષ્ટ્રનો ખેડૂત વર્ગ પોતાના તારણહાર ગણતો રહ્યો છે. પંદર વર્ષના સુદીર્ઘ કોંગ્રેસી શાસન દરમિયાન કોંગ્રેસ એની સહયોગી પાર્ટી એનસીપીની વડા શરદ પવારનું સન્માન જાળવી શકી નથી. પવારે ગઠબંધન તોડવામાં સોનિયા ગાંધી જવાબદાર નહીં હોવાનું નિવેદન કરી નિષ્ફળ યુવરાજની નેતાગીરી સામે આંગળી ચીંધી છે. પવાર ગમે ત્યારે ભાજપ સાથે બેસી જઈ કેન્દ્રમાં મંત્રીપદું અંકે કરી લેશે, એવી અટકળો પણ વહેતી થઈ છે. બીજી તરફ શિવસેના સાથે ગોઠવાઈ જવામાં અને મહારાષ્ટ્રના સંભવિત મંત્રીમંડળમાં પોતાનો નક્કર જાળવી રાખવામાં પણ પવારને ઝાઝી તકલીફ પડે એમ નથી. પવાર 'તેલ દેખો, તેલ કી ધાર દેખો' - વાળી વ્યૂહરચના અપનાવી રહ્યા છે. એમની પહેલી પસંદગી અલબત્ત કોંગ્રેસ જ હશે, એ પણ એમને જાહેર કરી દીધું છે. મોદીએ બાલ ઠાકરે પ્રત્યે આદર વ્યક્ત કરી શિવસેના વિરૂદ્ધ હરફ સરખ નહીં ઉચ્ચારવાની વાત કરી પરંતુ ઉદ્ધવ ઠાકરેને એમની નીયતનો પાકો અંદાજ આવી ગયો છે. ઉદ્ધવ ઠાકરેએ 'સામના' માં લેખ લખીને મોદીસેનાને અફઝલખાનની સેના ગણાવીને શિવાજીના ગઢમાં ગાબડું પડાવવા આવી હોવાનો તીખો આરોપ મૂક્યો છે. મહારાષ્ટ્રના ખાનદેશ અને વિદર્ભની અલગ રાજયની માગણી ભાજપના રાજકારણને અનુકૂળ આવે એવી હતી. ભાજપે અલગ વિદર્ભ રાજય બનાવી નાગપુરને એની રાજધાની બનાવવાનું વિચારી પણ રાખેલું છે. પરંતુ હવે ઉદ્ધવના આક્ષેપ સામે મહારાષ્ટ્રની એકતાને ઊની આંચ નહીં આવવા દઉં, જેવું વચન આપવાની ફરજ પડી છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મુંડે-પુત્રી પંકજાને મુખ્યમંત્રી પદની ઉમેદવાર જાહેર કરીને મહિલાઓ, યુવાનો અને પછાત વર્ગોના મત ઓળગી લેવાની વ્યૂહરચના અપનાવી છે. શિવસેના અને મનસે માટે આ એમના અસ્તિત્વનો જંગ છે. બાળાસાહેબ ઠાકરેના વંશજોને ભેગા બેસાડવાના પ્રયાસોએ પણ જોર પકડ્યું છે. રાજ ઠાકરેએ સરહદ પાકિસ્તાન લોહીની નદીઓ વહેવડાવી રહ્યું છે ત્યારે મોદી ચૂંટણી-પ્રચારમાં વ્યસ્ત છે - એ મુજબનું નિવેદન કરીને એમને પડકાર્યા છે વળી અમેરિકામાં ઓબામાએ એમને ગુજરાતીમાં આવકાર્યા તેની સામે પણ રાજ ઠાકરેએ વાંધો લીધો છે. ભાજપ મહારાષ્ટ્રમાંથી મુંબઈને જુદું પાડી દઈ દિલ્હી જેવું નગરરાજય બનાવી દેશે, એવી અફવા પણ મોદીને કનડી સહી છે. મહારાષ્ટ્રનું મહાભારત કેવા રંગ લાગે છે, તે જોવું રસપ્રદ બની રહેશે. મોદીની નેતાગીરી સામે મહારાષ્ટ્રની ચૂંટણી એ અગન કસોટી પુરવાર થવાની સંભાવના છે.

# કલોલમાં તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

## સોજા હાઈસ્કૂલના બાળકોએ તૈયાર કરેલ સોલાર પાર્કિંગે આકર્ષણ જમાવ્યા : કુલ ૫૪ કૃતિઓ રજૂ કરાઈ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જીસીઈઆરટી દ્વારા પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તેમજ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીના સંયુક્ત ઉપક્રમે કલોલ તાલુકા શાળા વિકાસ સંકુલ સુંદરમનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૪-૧૫ યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન તા. ૭ અને ૮ ઓક્ટોબર દરમિયાન કલોલની શેઠ કેજીએમ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે યોજવામાં આવ્યું હતું.

આ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં કલોલ તાલુકાની ૫૦ થી પણ વધુ શાળાઓએ ભાગ લીધો હતો. અને કુલ ૫૪ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિકો દ્વારા સામાજિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિતના સીમા ચિહ્નો, માહિતી અને પ્રત્યાપન તકનિકી ઉર્જા સ્ત્રોતો અને તેનું સંરક્ષણ તથા પરિવહન, બિનજરૂરી વસ્તુઓનું વ્યવસ્થાપન જેવા વિષયોને સ્પર્શતા વિવિધ પ્રયોગો-નિદર્શનો-પ્રદર્શનો-મોડેલ્સ અને ચાર્ટસ રજૂ કરવામાં આવ્યા હતા. સામાજિક જીવનમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રસગે, અંધશ્રદ્ધાઓ-વહેમો દૂર થાય અને વિજ્ઞાનસભર દૃષ્ટિ કેળવાય તેવા શુભાશયથી આયોજિત આ વિજ્ઞાન-ગણિત પ્રદર્શનમાં ગાંધીનગર જિલ્લા તાલીમ ભવનના પ્રાધ્યાપક ટી.એસ. જોષી નિયામક ડાહ્યાભાઈ રાવલ, કલોલ તાલુકા કેળવણી મંડળના મંત્રી સંજય શાહ અને અન્ય શાળાઓના આચાર્યો, સારસ્વત મિત્રો અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ પ્રદર્શનમાં કલોલ તાલુકાની સોજા હાઈસ્કૂલના બાળકો દ્વારા રાકેશ પ્રજાપતિ 'રાહી'ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ 'સોલાર પાર્કિંગ' મોડેલ અનેરૂ આકર્ષણ જમાવ્યુ હતુ. આ કાર્યક્રમ સફળ બનાવવા કેજીએમ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા શારદાબેન ચૌધરી અને શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

### સ્વચ્છ ભારત અભિયાન હેઠળ નહેરુ યુવા કેન્દ્ર વિવિધ કાર્યક્રમો યોજશે

ગાંધીનગર, તા. ૮

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા સ્વચ્છ ભારત અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. તા. ૨ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન સફાઈ અભિયાન તેમજ તાલુકા મથકોએ નિબંધ લેખન સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ભીંત સૂત્ર લેખન, રક્તદાન શિબિર, જાહેર આરોગ્ય માટે જનજાગૃતિ અભિયાન, ચિત્ર સ્પર્ધા, પરિસંવાદ, વાર્તાલાપ, જેવા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. કાર્યક્રમમાં નહેરુ કેન્દ્રના સભ્યો જોડાયા છે અને વિવિધ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવી રહ્યું છે.

# રાંધેજા જોઈતારામ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ યુવક મહોત્સવમાં પ્રથમ

## સ્વચ્છતા અભિયાન અંતર્ગત શાળા અને ગામની સફાઈ કરી

ગાંધીનગર, તા. ૮

રાંધેજા-અડાલજ વિભાગનો યુવક મહોત્સવ આમજા રંગજયોત વિદ્યાલય ખાતે યોજવામાં આવ્યો હતો. મહોત્સવમાં રાંધેજાની જોઈતારામ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અભિયાનમાં શ્રમદાન કર્યું હતું.

રાંધેજાની જોઈતારામ શંકરદાસ પટેલ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓએ રાંધેજા અડાલજ યુવક મહોત્સવમાં ભાગ લીધો હતો. મહોત્સવમાં વિવિધ સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં રાંધેજાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વક્તૃત્વ સ્પર્ધામાં વર્ષા રાવળ, ચિત્રકલામાં ઓમ સાધુ, સર્જનાત્મકતામાં દશરથ ઠાકોર, એકપાત્રીય અભિનયમાં મેઘના રાવળ, લોકગીત-લગ્નગીતમાં ભાવિકા પટેલે પ્રથમ નંબર મેળવ્યો હતો.

સ્વચ્છ ભારત અભિયાન હેઠળ શાળાના વિદ્યાર્થીઓએ સ્વચ્છતા જાળવવા પ્રતિજ્ઞા લીધી હતી. તેમજ શાળા સંકુલમાં સફાઈ કરી હતી. તેમજ ગામમાં પણ સફાઈનો સંદેશ પહોંચાડ્યો હતો.

### બાલવાનો રસ્સાખેંચ અને આર્ચરીમાં વિજય

ગાંધીનગર, તા.૮

ખેલ મહાકુંભ-૧૪ ગાંધીનગર ગ્રામ્ય જિલ્લા કક્ષાની આર્ચરી બાલવા ખાતે યોજાઈ જેમાં જશ પટેલ, રીયા પંડયા, શ્વેતા ચૌધરી, જોષી જીલ, ચૌધરી જયોત્સના વિજેતા થયા હતા તેમજ કલોલ તાલુકા કક્ષાની રસ્સા ખેંચની સ્પર્ધામાં અન્ડર-૧૬ ભાઈઓ બહેનો અબવ-૧૬ ભાઈઓ બહેનો અબવ-૪૫ ભાઈઓ બહેનો અને અબવ-૬૦ ભાઈઓની ટીમો વિજેતા થઈ હતી.

આ ખેલાડીને શાળાના વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર કે. પટેલ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. જેમને શાળાના આચાર્ય પરમાર અર્જુનસિંહ બી. શાળાના પ્રમુખ અને ટ્રસ્ટીઓએ સૌને અભિનંદન આપ્યા હતા.

### ચૌધરી કન્યા વિદ્યાલય હોકી સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ પ્રથમ

ગાંધીનગર, તા.૮

ખેલ મહાકુંભ અંતર્ગત અન્ડર-૧૬ હોકી સ્પર્ધામાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયે પ્રથમ અને દ્વિતીય સ્થાન મેળવેલ છે.

પ્રથમ નંબરે વિજેતા બનેલી ટીમના ખેલાડીઓ રાજયકક્ષાએ રમવા જશે. ચૌદરી સોનલ, જયોત્સ્ના, હિરલ, ફોરમ, ધરતી, સંગીતા, કાજલ, ઉર્મિલા, ખુશ્બુ, મિશ્બા, મિનલ આમ કુલ ૧૧ વિદ્યાર્થીનીઓ પ્રથમ નંબરે વિજેતા બનેલ છે.

દ્વિતીય નંબરે વિજેતા બનેલ ટીમના ખેલાડીઓ ચૌધરી અંજલિ, મેઘના, દૃષ્ટિ, અનુરાધા, જલ્પા, ધરતી, કાજલ, પિન્કલ, નીતા, કાજલ, અનુરાધા, કીર્તિ, શ્રદ્ધા, પ્રિતી, દૃષ્ટિ અને ધરતીનો સમાવેશ થાય છે.

આચાર્યશ્રી સંતોકબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક પિનાક્ષીબેન, શ્રી લીલાબેન તથા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

### દિવાળી શોપીંગ મેળો યોજાશે

ગાંધીનગર, તા.૮

દિવાળીની ખરીદી પુરજોશમાં બજારમાં દેખાઈ રહી છે ત્યારે જૈન સોશ્યલ ગૃપ દ્વારા દિવાળી શોપીંગ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ ઓકટોબરના રોજ તિરૂપતી બાલાજી હોલ ઘ-૪ બસ સ્ટેન્ડ પાસે સેકટર-૧૬ ખાતે શોપીંગ મેળો યોજાશે. મેળામાં ડ્રાયફ્રુટ, નમકીન, મઠીયા વિવિધ વેરાયટીના દીવડા, રંગોલી, જવેલરી, ચોકલેટ, ગીફટ આર્ટીકલને વેચાણ માટે મુકવામાં આવશે. આ મેળો સવારે ૯ થી રાત્રિના ૯ સુધી ખુલ્લો રહેશે.

### રેશનલ સમાજની બેઠક મળશે

ગાંધીનગર, તા. ૮

રેશનલ સમાજ ગાંધીનગરની માસિક બેઠક આગામી તા. ૧૧મી ઓક્ટોબર શનિવારે સાંજે ૫.૦૦ કલાકે બ્લોક નં. ૬૧/૧ ઘ-ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે મળશે. તો સર્વે સભાસદ મિત્રોએ મીટીંગમાં સમયસર ઉપસ્થિત રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### શેરથામાં મફત નેત્રનિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૮

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર અને જિલા અંધત્વ નિયંત્રણ સોસાયટી દ્વારા શેરથા ખાતે મફત નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવશે. તા. ૧૦ ઓકટોબરના રોજ સવારે ૯ થી ૧૨ દરમિયાન જે.એમ.જી. હાઈસ્કૂલ ખાતે યોજાશે. આ કેમ્પનો મોટી સંખ્યામાં લાભ લેવા જણાવ્યું છે. તેમજ મોતિયાના દર્દીઓને વિનામૂલ્યે નેત્રમણી મુકી ઓપરેશન કરવામાં આવશે.

## હરિની દૃષ્ટિ...



મમ્મી, નવરાત્રીમાં જે એકદમ ગામઠી ડ્રેસ પહેરેલ સાથે મે જોડી બનાવીને પ્રાઇઝ જીતી હતી, તે તો સાચો ગામઠી જ છે અને અહી શાકની લારી ચલાવે છે... !!

### પ્રેરણા વિદ્યાલયની ફેન્સીંગ સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થઈ

ગાંધીનગર, તા. ૮

ભાવનગર ખાતે રાજયકક્ષાની અંડર-૧૭ ફેન્સિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલય સેક્ટર-૫ની ફેન્સિંગ ટીમે શ્રેષ્ઠ પ્રદર્શન કરતા રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામી છે. શહેરના સેક્ટર-૫માં આવેલ પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ફેન્સિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ભાવનગર ખાતે યોજાયેલ સ્પર્ધામાં શાળાની ટીમના ખેલાડીઓએ વિવિધ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન બદલી ટીમ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામી છે.

સ્પર્ધામાં અંકિતા વાઘેલા બીજો, જયેન્દ્ર વાઘેલા પ્રથમ, ઈ.પી. વ્યક્તિગત સ્પર્ધામાં મિતેષ યાદવ બીજો, સચીન પટણી બીજો, સેલર ટીમાં જયેન્દ્ર વાઘેલા, શક્તિ ભરવાડ અને વિક્રમ ઠાકોરે બીજો નંબર મેળવ્યો છે. તમામ ખેલાડીઓ રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી પામ્યા છે. ખેલાડીઓને કોચ ભરતજી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

## વર્તમાન પ્રવાહો

૧. આગામી વર્ષ ૨૦૧૬ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે?
➔ **રીયો-ડી-જાનેરો, બ્રાઝિલ**
૨. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ પદે કોને નિયુક્ત કર્યા?
➔ **થોમસ બાક**
૩. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ઓલમ્પિક સમિતિના અધ્યક્ષ બનનાર થોમસ બાક કયાંના રહેવાસી છે?
➔ **જર્મની**
૪. ૨૦૧૩માં થોમસ બાક ઓલમ્પિક સમિતિના કેટલામાં અધ્યક્ષ બન્યા?
➔ **૯માં**
૫. ૨૦૧૩ જાહેર થયેલા જહોન બેટસ કલાર્ક મેડલ એવોર્ડ બીજા કયા નામે ઓળખાય છે?
➔ **બેબી નોબેલ**
૬. ૨૦૧૩માં પુલિત્ઝર પુરસ્કાર મેળવનાર ઉત્તર કોરિયાના લેખક 'એડમ જોનસન' ને તેની કઈ નવલકથાને લઈ આ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?
➔ **નવલકથા : ધ ઓફધન માસ્ટર્સ સન**
૭. ૨૦૧૩માં બાફટા એવોર્ડથી કયા મહાનુભાવને સન્માનિત કરવામાં આવ્યા હતા?
➔ **બ્રિટનના રાણી એલિઝાબેથ દ્વિતીય**
૮. ૨૦૧૩માં દક્ષિણ કોરિયામાં યોજાયેલ વર્લ્ડ શુટિંગ સ્પર્ધામાં ગોલ્ડ મેડલ મેળવનાર મહિલા શૂટર કોણ છે?
➔ **રાહી સરનોબત**
૯. ૨૦૧૩માં એમરિકા સ્થિત કેલિફોર્નિયા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી (કેટલેક)માં કોના માનમાં ફેલોશીપની સ્થાપના કરવામાં આવી છે?
➔ **સતીષ ધવન**
૧૦. ૨૦૧૩માં આઈ.ઓ.સી.ના નવા અધ્યક્ષ થોમસ બાક કોના અનુગામી બન્યા?
➔ **જેક્સ રોગે**
૧૧. ૨૦૧૩માં ભારત સરકારનાં સાંસ્કૃતિક મંત્રાલયે લંડન (બ્રિટન) ખાતે કઈ કૉલેજમાં 'ટાગોર સેન્ટર ફોર ગ્લોબલ થોટ' ને ખુલ્લું મુક્યું હતું?
➔ **કિંગ્સ કોલેજમાં (ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ખાતે)**
૧૨. ૨૦૧૩માં ઈરાન અને પાકિસ્તાનની સરહદે કેટલી તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો?
➔ **૭.૮ તીવ્રતા**
૧૩. ૨૦૧૩માં આંતરરાષ્ટ્રીય ફુટબોલ મહાસંઘના કાર્યકારી સમિતિના અધ્યક્ષ તરીકે કયા ભારતીયની નિમણૂંક કરવામાં આવી હતી?
➔ **સુનિલ ગુલાટી**
૧૪. ૨૦૧૩માં વિશ્વની સૌથી ઊંચી 'પોપ'ની પ્રતિમાનું અનાવરણ કયા દેશમાં કરવામાં આવ્યું છે?
➔ **પોલેન્ડ**
૧૫. ૨૦૧૩ હાવર્ડ યુનિવર્સિટીનો જહોન બેટ્સ કલાર્ક મેડલ ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીને એનાયત કરાયો હતો?
➔ **રાજ ચેટ્ટી (અર્થશાસ્ત્રી)**
૧૬. ૨૦૧૩ની ડ્યૂશ બેંક ચેમ્પિયનશીપ જીતનાર ગોલ્ફ ખેલાડી હેનરિક સ્ટેસો કયા દેશનાં વતની છે?
➔ **સ્વીડન**
૧૭. આગામી વર્ષ ૨૦૨૦ના ઓલમ્પિક ખેલની મેજબાની કયો દેશ કરશે?
➔ **જાપાન, ટોકયો**
૧૮. ૨૦૧૩ની ૯મી એશિયા કપ હોકીમાં કયા દેશનો વિજય થયો હતો?
➔ **દક્ષિણ કોરિયા**
૧૯. ૨૦૧૩ની એશિયા કપ હોકીમાં વિજય થયેલી દક્ષિણ કોરિયાની ટીમે કયા દેશને પરાજીત કર્યું હતું?
➔ **ભારત**
૨૦ 'ઓર્ડર ઑફ ધ રાઈઝીંગ સન-ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' કયા દેશનો રાષ્ટ્રીય પુરસ્કાર છે?
➔ **જાપાન**

# 'એકિંટગમાં રસ હોય તેવી વ્યક્તિઓએ શરૂઆત રંગભૂમિથી કરવી જોઈએ તો જ રંગભૂમિનો મજબૂત પાયો નંખાય ને સારા કલાકારો પ્રેક્ષકોને મળે

**મુલાકાત**
**કુંપલ દવેની કોમેડીમાં કલામ...**
- ભીખુ કવિ

ઉત્સવ થિયેટર, અમદાવાદ પ્રસ્તુત હરિન ઠાકર નિર્મિત-દિગ્દર્શિત જૂની રંગભૂમિનું 'પૈસા બોલે' છે. નાટકની રજૂઆત જોઇને એ નાટકમાં કામણગારી કુંપલ દવેની કોમેડી ભૂમિકા ભજવતી (માસીબા) જાજરમાન અભિનેત્રીના લાજવાબ અભિનય જોઇ પ્રભાવિત થયો. કુંપલ દવેની માસીબાની આગવી એન્ટ્રી અને એક્ઝિટ અદાઓથી ઓડિયન્સમાં છવાઇ ગઇ. એક તો એની હાઇટ અને સ્માઇલ ને દેખાવે સ્માર્ટ ! સંવાદો બોલવાની છટા, આગવી પર પ્રેક્ષકો તાળીઓનો વરસાદ વરસાવી વધારવા કુંપલ દવેને. મને આવી પ્રતિભાશાળી અભિનેત્રી માસીબા (કુંપલ દવે)ને મળવાનું મન થયું, ને મેં એમનો ઇન્ટરવ્યુ લેવા અંગે પ્રસ્તાવ મૂક્યો તો હસતાં મોઢે મને એની સંમતિ આપી.

જયારે એમનો ઇન્ટરવ્યુ લીધો ત્યારે બહુમુખી પ્રતિભાશાળી અભિનેત્રી કુંપલ દવેના અભિનયની ઊંડાઇના રહસ્યો છતાં થયાં, એ છૂપાં જ રાખતાં પ્રેરણા મળે એવા આદેશ સાથે ખોલું છું એ રહસ્યોને... વારસામાં કોઇ જ નાટક કે કલામાં રસ-રૂચિ ન હોવા છતાં સ્વ-રૂચિને શોખના પરિણામે અભિનયની ઓથે આવ્યાં કુંપલ દવે, ને અભિનયની યાત્રા ધપાવતા રહ્યાં, ૧૯૮૯માં મયૂર દવે સાથે લગ્નગ્રંથિથી જોડાયા. લગ્ન બાદ કર્ણવ અને કુશલ બે બાળખોની માતાની જવાબદારી નિભાવી. પણ બાકીનો સમય કંટાળાજનક લાગતાં અભિનય શોખને વ્યવસાય બનાવ્યો. તેઓએ એક પ્રશ્નનો જવાબ આપતાં જણાવ્યું, 'મારા પતિ અને સાસુનો ખૂબ જ સપોર્ટ હોવાથી મને સામાજિક જવાબદારીમાંથી મુક્ત કરી. મારા પર મારા પતિએ પતિદેવ હોવાનો કોઇ જ રોફ માર્યો નથી કે નથી મારી સાસુએ સાસુપણું બતાવ્યું! મારી રસરૂચિને પોષવા પીઠબળ પૂરૂં પાડીને મોકળાશ કરી આપતા રહ્યા છે ને તેથી જ હું આજે જે પણ છું તેનો યશ મારા પતિ અને સાસુને આભારી છે.' એમ કહેતા કુંપળ દવેની આંખમાં આંસુ ઊભરાઇ આવ્યા કેવળ હર્ષના હાં કે ! કુંપલ દવેના અંતરંગમાં આટલું બસ... રહેશે. તમે કહેશો આ તો ઉપલક વાતો થઇ નાટકો ભજવ્યા હોય એ વિશે તો વાત કરો ને?

જીતેન્દ્ર ઠક્કર લિખિત - દિગ્દર્શિત નેગેટીવ રોલ પત્નીનો ભજવ્યો. નાટક હતું - 'વહાલનો વારસ.' ઘરના ભાગલા પાડતી વહુનું, વિલનની ભૂમિકાવાળુ તેનું પાત્ર પ્રેક્ષકોને ખૂબ ગમ્યું. ૯ ઉપરાંત વધુ ફૂલલેન્થ ગુજરાતી નાટકોમાં કુંપલ દવેએ અભિનયના અજવાળા પાથર્યા છે. કુંપલ દવેનું પ્રથમ અભિનિત નાટક 'સૂર્ય કી અંતિમ કિરણ સે પહેલી કિરણ તક'માં 'મહંત તારિકા' નું પાત્ર ભજવીને અભિનયના શ્રીગણેશ માંડેલા. 'એક મૂરખને એવી ટેવ,', 'નવલશા હીરજી,', 'ધ ગોસ્ટ ટ્રેન', 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' નાટકોમાં કુંપલ દવેએ યાદગાર ભૂમિકાઓ ભજવી ને એટલેથી ન અટક્યા તે ટી.વી.ના પડલે ચમક્યા! 'ભાથીજી મહારાજ', 'ઘડપણ કોણે મોકલ્યું', 'તરણા ઓથે ડુંગર', 'બંધન' ગુજરાતી સીરીયલમાં છવાઇ ગયાં તો ઝી આલ્ફાની સીરીયલો તથા ઝી.ટી.વી. પર આવતી 'બસેરા'માં 'ભાભી'નું અને 'ચંદન કા પલના રેશમ કી ડોર'માં કોલેજિયન યુવતીનું પાત્ર કુંપલ દવેએ ભજવ્યું. ટી.વી.ની ખ્યાતિ ખેંચી ગઇ કુંપલ દવેને ફિલ્મોમાં. ગુજરાતી ફિલ્મો, બે હિન્દી ફિલ્મો, એક રાજસ્થાની ફિલ્મને એક તમિલ ફિલ્મમાં અભિનયના ઓજસ પાથર્યા.

કુંપલ દવેએ પ્રશ્ન કર્યો, નાટક શો દરમિયાન કોઇ ઘટના ઘટી હોય તેવો કોઇ યાદગાર પ્રસંગ કહેશો? ત્યાર ચાની ચૂસકી લેતાં એમની આંખો ભીની બની ને એ યાદોમાં ખોવાઇ ગયા ને કહેવા લાગ્યા, 'હું ધર્મેશ મહેતાના 'વાત બહાર જાય નહિ' નાટકનો શો ભજવતા મુંબઇ ગઇ હતી ને બાબાને ટાઇફોઇડ થઇ ગયેલો છે, ખૂબ જ હાલત ખરાબ છે. તાત્કાલિક આવી જા ઘરેથી ફોન આવ્યો ને પતિ અને મારા સાસુએ સાચવી લીધો મારા ખોળાના ખૂંદનારને અને લઇ ગયા હોસ્પિટલમાં ને જયારે હું મુંબઇથી બાય પ્લેન આવી ત્યારે મારા પુત્રને સાજો થયેલો જોઇને શાંતિ થઇને તરત જ બે કલાક રોકાઇ રાત્રે શો હોવાનું મુંબઇ પહોંચીને અભિનયમાં ઓતપ્રોત થઇ ગઇ. મારી જિંદગીની આ યાદગાર ઘટનાને યાદ કરતાં મારા પતિ અને સાસુએ આપેલી કુરબાનીને વંદનાનું મન થાય છે.

ભીખુ કવિ : કુંપલબેન, તમારા મનપસંદ શ્રેષ્ઠ દિગ્દર્શક કયાં?

શ્રી હરિન ઠાકર, નિમેષ દેસાઇ, જીતેન્દ્ર ઠક્કર, અશ્વર સૈયદ, રાજુ બારોટ, અરવિંદ વૈદ્ય વગેરે મારા પ્રિય શ્રેષ્ઠ દિગ્દર્શક છે.

જૂની રંગભૂમિએ હવે જૂની રંગભૂમિ ન રહેતાં નવા દિગ્દર્શકો તેમજ જૂના દિગ્દર્શકો જૂની રંગભૂમિમાં નૂતન રીતે ફેરફાર કરી ભજવે છે એ ખૂબ સારી વાત છે. તેમ કુંપલ દવેએ જણાવ્યું.

ને છેલ્લે એમના કલાકારો - ચાહકોને સંદેશ આપ્યો, 'એકિંટગમાં રસ હોય તેવી વ્યક્તિઓએ શરૂઆત રંગભૂમિથી કરવી જોઇએ તો જ રંગભૂમિનો મજબૂત પાયો નંખાય ને સારા કલાકારો પ્રેક્ષકોને મળે. ને ફરી કયારેક મુલાકાત લઇશ કહીને કુંપલ દવેને શુભેચ્છાઓ પાઠવી વિદાય લીધી.'